# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળ
# ૭૮મી એક્ઝીક્યુટીવ કાઉન્સિલની તા.૧૨/૧૦/૨૦૨૧નાં રોજ
# ૪.૦૦ કલાકે Online Webex ના માધ્યમથી યોજાયેલ બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ દ્વારા એક્ઝીક્યુટીવ કાઉન્સીલની ૭૮મી બેઠકનું તા.૧૨/૧૦/૨૦૨૧ ના રોજ બપોરે ૦૪.૦૦ કલાકે Online Webex ના માધ્યમથી આયોજન કરવામાં આવેલ હતું આ બેઠકમાં નીચે મુજબના મહાનુભાવો ઉપસ્થિત રહેલા હતા.

1. માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
2. શ્રી જીતેન્દ્ર બ્રહ્મભટ્ટ - સભ્યશ્રી
3. ડૉ. પંકજ ત્રિવેદી – સભ્યશ્રી
4. શ્રી જયશંકરભાઈ રાવલ - સભ્યશ્રી
5. ડૉ.લલીતકુમાર એ.પટેલ- સભ્યશ્રી
6. ડૉ.આશાબેન માઢક - સભ્યશ્રી
7. શ્રી અર્જુનકુમાર શામલ- સભ્યશ્રી
8. ડૉ. દશરથ જાદવ – સભ્ય સચિવ

સૌ પ્રથમ માન.કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ કુલસચિવશ્રી દ્વારા માન.કુલપતિશ્રીની સૂચના અન્વયે એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવી.ચર્ચા-વિચારણાને અંતે સર્વાનુમતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

૭૮.૦૧ ગત એક્ઝીક્યુટીવ કાઉન્સીલ તા.૧૬/૦૯/૨૦૨૧ થી આજદિન સુધી કરેલ કામગીરીનો અહેવાલ

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા તા.૧૬/૦૯/૨૦૨૧ થી તા.૧૨/૧૦/૨૦૨૧ દિન સુધી કરેલ કામગીરીનો વિસ્તૃત અહેવાલ કુલસચિવ દ્વારા રજૂ કરવામાં આવ્યો. સૌ મહાનુભાવો દ્વારા કરવામાં આવેલ કામગીરીથી સંતોષ વ્યક્ત કરેલ અને યુનિવર્સિટી દ્વારા કરેલ કામગીરીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. તેમજ યુનિવર્સિટીને NAAC નાં મૂલ્યાંકનમાં A+ ગ્રેડ મળેલ છે ત્યારે યુનિવર્સિટીના પૂર્વ કુલપતિશ્રીને તેમજ IQAC નાં કો-ઓર્ડિનેટરને અને યુનિવર્સિટીની સમગ્ર ટીમને અભિનંદન સૌ મહાનુભાવોએ આપ્યા હતા. તેમજ સૌએ કરેલ કામગીરીની નોંધ લીધી હતી અને પ્રશંસા કરી હતી.

૭૮.૦૨ તા.૧૨/૧૦/૨૦૨૧ના રોજની નાણા સમિતિની બેઠકની કાર્યનોંધને બહાલી આપવા અંગે.

ઠરાવ : તા.૧૨/૧૦/૨૦૨૧ ના રોજ યોજાયેલ નાણા સમિતિની બેઠકની કાર્યનોંધને કુલસચિવ દ્વારા વાંચવામાં આવી હતી તથા નાણા સમિતિમાં લેવાયેલ નિર્ણયમાં કુલસચિવ નિવાસમાં જરૂરી ફર્નિચરની વ્યવસ્થા કરી સત્વરે તેઓ કેમ્પસમાં રહેવા આવે તેમ ઠરાવ્યું હતું તેમજ સદર ફાયનાન્સ કમિટિની બેઠકમાં ક્રમાંક-૦૮ થી જે પુરસ્કાર અને માઈલેજ માટે જે ઠરાવ થયેલ છે તેની

અમલવારી ૧૨/૦૮/૨૦૨૧ થી થાય તેમ સર્વે મહાનુભાવોએ જણાવેલ તેથી તેની અમલવારી સૂચવ્યા પ્રમાણે કરવાનું ઠરાવવામાં આવ્યું તેમજ લેવાયેલ તમામ નિર્ણયને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૭૮.03 તા.૧૬/૦૯/૨૦૨૧ ના રોજની પરીક્ષા સમિતિની બેઠકની કાર્યનોધને બહાલી આપવા અંગે.

ઠરાવ : તા.૧૬/૦૯/૨૦૨૧ ના રોજ યોજાયેલ પરીક્ષા સમિતિની બેઠકની કાર્યનોંધને કુલસચિવ દ્વારા રજૂ કરવામાં આવી જેમાં સર્વાનુમતે લેવાયેલા નિર્ણયને બહાલી આપવામાં આવી.

૭૮.0૪ – યુનિવર્સિટી દ્વારા આપેલ જાહેરાત અંતર્ગત મળેલ અરજીઓના સ્ક્રુટીની રીપોર્ટને માન્ય કરવા તેમજ તે અંગેના ઈન્ટરવ્યું કરવા અંગે નિર્ણય થવા બાબત.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા ઈન્ટીગ્રેટેડ બી.એ.બી.એડ. માટે મંજુર થયેલ જગ્યાઓની આપવામાં આવેલ જાહેરાત અંતર્ગત આવેલ વિવિધ વિષયોની અરજીઓની કરવામાં આવેલ સ્ક્રુટીની રીપોર્ટને માન્ય કરવામાં આવ્યો તેમજ યુનિવર્સિટી ખાતે ઈન્ટીગ્રેટેડ બી.એ.બી.એડ.અભ્યાસક્રમ શરુ થઇ ગયેલ હોઈ અધ્યાપકોની ઘટના કારણે શૈક્ષણિક કાર્યમાં અવરોધ ઉભો થતો હોઈ કાયમી તેમજ વીઝીટીંગ માટે મંજુર થયેલ તમામ જગ્યાઓમાં મળેલ અરજીઓને ધ્યાને લઈ દિવાળી વેકેશન પડે તે પહેલા ઈન્ટરવ્યું કરવાનો નિર્ણય કરવામાં આવ્યો , જે માટે કરવાની થતી તમામ ગોપનીય અને વહીવટી કામગીરી માટે તેમજ ઈન્ટરવ્યું પેનલ બનાવવાની માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી તેમજ ઈન્ટીગ્રેટેડ બી.એ.બી.એડ. માટેની મંજૂર થયેલ શૈક્ષણિક જગ્યાઓ માટે વિષય નિષ્ણાંતમાં ૦૧ શિક્ષણના અને ૦૨ જે-તે વિષયના એમ કુલ ૦૩ વિષય નિષ્ણાંત રાખવા અને આ જગ્યાઓમાં ડીનશ્રી શિક્ષણને ઈન્ટરવ્યુ પેનલમાં રાખવા તેમ ઠરાવવામાં આવ્યું. આ અંગે માનનીય ગવર્નરશ્રી,ગુજરાત રાજ્યને પણ પત્ર લખી ઈન્ટરવ્યું કમિટીમાં સભ્ય મનોનીત કરવા જણાવવું તેમ નક્કી કરવામાં આવ્યું.

૭૮.0૫ - યુનિવર્સિટી સંચાલિત સંસ્કૃત કોલેજ ખાતેની સાહિત્ય વિષયના આસિસ્ટન્ટ પ્રોફેસર તેમજ યુનિવર્સિટી ખાતેની પુરાણ વિષયના આસિસ્ટન્ટ પ્રોફેસરના અગાઉ સ્થગિત રહેલ ઈન્ટરવ્યુ કરવાનો નિર્ણય કરવા અંગે.

ઠરાવ : આ બાબતે ચર્ચા કરવામાં આવી વિદ્યાર્થીઓના શિક્ષણના હિતને ધ્યાને લઈ દિવાળી પહેલા ઈન્ટરવ્યુ કરવા જેમાં રાજ્યપાલશ્રી દ્વારા અગાઉ તેઓના પ્રતિનિધિનું નામ આવેલ તે પ્રતિનિધિને બોલાવી ઈન્ટરવ્યુ કરવા તેમ નક્કી કરવામાં આવ્યું તથા તે માટે કરવાની થતી તમામ ગોપનીય અને વહીવટી કામગીરી માટે તેમજ ઈન્ટરવ્યુ પેનલ બનાવવાની તમામ સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવી.

૭૮.0૬ – કરાર આધારિત જગ્યાઓની ભરતી કરવા માટે કરવામાં આવેલ કાર્યવાહીને મંજુરી તેમજ બહાલી આપવા અંગે.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા કરાર આધારિત જગ્યાઓની ભરતી કરવા માટે આપવામાં આવેલ જાહેરાત અંતર્ગત વિવિધ જગ્યાઓના ઈન્ટરવ્યુ માટે માનનીય કુલપતિશ્રી દ્વારા તા.૨૨/૧૦/૨૦૨૧ તથા ૨૩/૧૦/૨૦૨૧ ના રોજ ઈન્ટરવ્યુનું આયોજન કરેલ છે, તેને સર્વાનુમતે માન્ય રાખવામાં આવ્યું, જે માટે કરવાની થતી તમામ ગોપનીય અને વહીવટી કામગીરી માટે તેમજ ઈન્ટરવ્યુ પેનલ બનાવવાની માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી.

૭૮. ૦૭– યુનિવર્સિટીને **NAAC** દ્વારા **A+** ગ્રેડ મળ્યાની જાણ કરવા બાબત.

ઠરાવ : યુનિવર્સિટીની એક્ઝીક્યુટીવ કાઉન્સીલ દ્વારા યુનિવર્સિટીને **National Assessment and Accreditation Council (NAAC)** દ્વારા **A+** ગ્રેડ તેની નોંધ લેવામાં આવી. તેમજ **12B** અને **NAAC** પ્રાપ્ત થવાના કારણે **RUSA** તેમજ **UGC** માંથી ગ્રાન્ટ / પ્રોજેક્ટ મળવાપાત્ર હોય તે અંગે દરખાસ્ત કરવા માટે ઠરાવવામાં આવ્યું. યુનિવર્સિટીની વેબસાઈટ,યુનિવર્સિટીના લેટરપેડ,માર્કશીટ,સર્ટિફીકેટમાં યુનિવર્સિટીના નામ સાથે **12B** અને **NAAC A+** ગ્રેડ નો ઉલ્લેખ કરવો તેમ ઠરાવવામાં આવ્યું. આ અંગે એક સમિતિ બનાવી ડીઝાઈન કરવામાં આવે અને ગરીમાપૂર્ણ તમામ છાપકામ થાય તેમ નક્કી કરવામાં આવ્યું. તેમજ યુનિવર્સિટીની વેબસાઈટ અદ્યતન કરવા તેમજ લેટેસ્ટ માહિતી યુનિવર્સિટી વેબસાઈટ પર અપડેટ થાય તે માટેની યોગ્ય વ્યવસ્થા કરવા ઠરાવવામાં આવ્યું.

૭૮. ૦૮– યુનિવર્સિટીના તૈયાર થયેલ ભવનોના તા-૧૯/૦૯/૨૦૨૧ના રોજ કરેલ લોકાર્પણ માટે સરકારશ્રીએ પૂછેલ સ્પષ્ટતાનો જવાબ આપવા અંગે.

ઠરાવ : યુનિવર્સિટીના તૈયાર થયેલ ભવનોના તા-૧૯/૦૯/૨૦૨૧ના રોજ કરેલ લોકાર્પણ માટે સરકારશ્રીએ કુલસચિવને સ્પષ્ટતાઓ પૂછવામાં આવી હતી તેનો જવાબ કુલસચિવ દ્વારા વિગતો સાથે આપવામાં આવ્યો હતો અને તેનું સૌ મહાનુભાવો સમક્ષ વાંચન કરવામાં આવ્યું હતું તેમજ કરેલ સ્પષ્ટતાઓમાં **NAAC** માટે ભવન લોકાર્પણ તાત્કાલિક કરવું આવશ્યક હોઈ યોગ્ય સમજીને માનનીય કુલપતિશ્રી દ્વારા એક્ઝીક્યુટીવ કાઉન્સીલ સાથે પરામર્શ કરીને શુદ્ધ અને સારા હેતુથી લોકાર્પણ કામગીરી કરવામાં આવી હતી તેમ સૌ મહાનુભાવોએ જણાવ્યું હતું તેમજ કરવામાં આવેલ જવાબ યોગ્ય ઠરાવવામાં આવેલ, આગામી સમયમાં આવા કોઈ કાર્યક્રમો સરકારશ્રી સાથે પરામર્શ કરીને કરવા નિર્ણય કરવામાં આવ્યો.

૭૮. ૦૯– યુનિવર્સિટીની મંજુર થયેલ તેમજ રાજીનામાંથી ખાલી પડેલ જગ્યાઓની જાહેરાત આપવા અંગે.

ઠરાવ : આ અંગે ચર્ચા વિચારણા કરી રોસ્ટર ક્રમાંક અંગે જે શૈક્ષણિક જગ્યાઓ મંજુર થઇ છે તેમજ રાજીનામાંથી ખાલી પડેલ જગ્યાઓને જે તે જગ્યાના રોસ્ટર ક્રમાંક નિયત થયેલા પાંચ વિભાગોમાં સંસ્કૃત અને શાસ્ત્રોમાં જે-તે જગ્યાઓમાં અરજીઓ મળે,ઈન્ટરવ્યુ થાય અને જગ્યા ભરાય તે બાબતોને ધ્યાને લઇ તેમજ રોસ્ટરને ધ્યાને લઈ માનનીય કુલપતિશ્રી સંપૂર્ણ વિગતો

સાથે જાહેરાતનો મુસદ્દો આગામી બેઠકમાં રજુ કરે તેમ ઠરાવવામાં આવ્યું. જેમાં બહાલી મળ્યા બાદ ભરતી માટે જાહેરાતનું ઠરાવવામાં આવ્યું.

<u>૭૮.૧૦</u> – એક્ઝીક્યુટીવ કાઉન્સીલ તા.16/09/2021ની 77મી બેઠકમાં ઠરાવ ક્રમાંક -77.09 થી લેવાયેલ નિર્ણય અનુસાર ડૉ.રમેશચંદ્ર શુક્લને તા.24/09/2021થી પુનઃ ફરજ ઉપર હાજર છે તેમજ ડૉ.રમેશચંદ્ર શુક્લની કરેલ પગાર બાંધણીને બહાલી આપવા બાબત.

ઠરાવ : ડૉ.રમેશચંદ્ર શુક્લને પુનઃ ફરજ ઉપર હાજર કરવામાં આવેલ છે તેની નોંધ લેવામાં આવી તેમજ કરેલ પગાર બાંધણીના કાર્યાલય આદેશને બહાલી આપવામાં આવી.

<u>૭૮.૧૧</u> – શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી અને ભારત વિકાસ પરિષદ,વેરાવળના સંયુક્ત ઉપક્રમે તા.07/10/2021 અને 08/10/2021 ના રોજ નવરાત્રી મહોત્સવનું આયોજન કરેલ જેને બહાલી આપવા બાબત.

ઠરાવ : નવરાત્રી મહોત્સવ કાર્યક્રમ અંગે વિગતો આપવામાં આવી, જેમાં તા-૦૭/૧૦/૨૦૨૧ના રોજ કલેકટરશ્રી,ગીર સોમનાથના વરદ હસ્તે માતાજીની આરતી કરવામાં આવી હતી તેમજ તા.૦૮/૧૦/૨૦૨૧ના રોજ ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર.પાટીલ સાહેબના વરદ હસ્તે માતાજીની આરતી કરવામાં આવી હતી. નવરાત્રી મહોત્સવના ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં વેરાવળ શહેરના સંસ્કૃત અનુરાગીઓ જોડાયા હતા. જે કાર્યક્રમ અંતર્ગત થયેલ ખર્ચને બહાલી આપવામાં આવી તેમજ સદર ખર્ચ સ્વભંડોળમાંથી કરવો તેમ ઠરાવાવમાં આવ્યું.

<u>૭૮.૧૨</u> – યુનિવર્સિટીના વિવિધ પ્રકલ્પોના ઉદ્ઘાટન માટે માનનીય શિક્ષણમંત્રીશ્રીને યુનિવર્સિટી ખાતે આમંત્રિત કરવા બાબત.

ઠરાવ : આ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી જેમાં ગુજરાતની એક માત્ર **NAAC A+** ધરાવતી યુનિવર્સીટીમાં માનનીય શિક્ષણમંત્રીને આમંત્રિત કરી યુનિવર્સિટીની ગતિવિધિઓથી અવગત કરવા તેમજ યુનિવર્સિટીમાં વિવિધ પ્રકલ્પો જે છે તેનું ઉદઘાટન માનનીય શિક્ષણમંત્રીના વરદ હસ્તે કરાવવું તેમ નિર્ણય કરવામાં આવ્યો.

<u>૭૮. ૧૩</u>– યુનિવર્સિટીઓમાં ફેસિલિટેશન સેન્ટર શરુ કરવા માટે શિક્ષણ વિભાગ,ગુજરાત સરકારશ્રીના તા-02/06/2021 ઠરાવ ક્રમાંક : બજટ-૧૨૨૦-ન.બા.૩૪૧-ખર,થી રીસર્ચ એડવાઇઝર- ફેસિલિટેટર (જગ્યા -૦૧) અને સ્ટેસ્ટેસ્ટીકલ એનાલીસ્ટ (જગ્યા -૦૧) ઓપન ઈન્ટરવ્યું મારફત ભરવા માટેના તૈયાર થયેલા નિયમો ને બહાલી આપવા બાબત.

ઠરાવ : આ અંગે માનનીય કુલપતિશ્રી દ્વારા ગઠન કરેલ કમિટિ દ્વારા તૈયાર થયેલ નિયમોને બહાલી આપવામાં આવી તેમજ ઓપન ઈન્ટરવ્યું કરી સત્વરે ભરતી પ્રક્રિયા કરવા ઠરાવવામાં આવ્યું.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

૭૮.૧૪– યુનિવર્સિટીનાં હયાત બિલ્ડીંગોની ફાયર એન.ઓ.સી. લેવી જરૂરી હોય જે અન્વયે સરકારશ્રીમાં તમામ ભવનોમાં ૩ વખત Rs.1,61,37,975/- ની ગ્રાન્ટ માંગણીની દરખાસ્ત કરેલ છે પરંતુ ગ્રાન્ટ પ્રાપ્ત થયેલ નથી. હાલ, વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા દ્વારા એડમીન બિલ્ડીંગની ઓફિસો તા.૦૪/૧૦/૨૦૨૧ નાં રોજ સીલ કરવામાં આવેલ છે તેમજ એડમીન બિલ્ડીંગ માટે સરકારશ્રી પાસે ચાલુ વર્ષના બજેટમાં Rs.10,20,000/- ના ખર્ચનો સમાવેશ કરવાની મંજુરી માંગવામાં આવેલ છે. જે અન્વયે માર્ગદર્શન પાઠવવા અંગે.

ઠરાવ : આ અંગેની નોંધ લેવામાં આવી તેમજ નજીકના સમયમાં મંજુરી ન મળે તો સ્મૃતિપત્ર પાઠવીને ગ્રાન્ટ મેળવવાની પ્રક્રિયા કરવી અને ગ્રાન્ટ મળ્યેથી કાર્યવાહી કરવી તેમ ઠરાવવામાં આવ્યું.

૭૮.૧૫ – THE RIGHT OF PERSON WITH DISABILITIES AST-2016 મુજબ કરવાની થતી પ્રક્રિયા માટે યુનિવર્સિટીના લાયઝન ઓફિસર તરીકે મુખ્ય હિસાબી અધિકારીને મન.કુલપતિશ્રી દ્વારા મનોનીત કરવામાં આવેલ તે સબબની બહાલી મેળવવા બાબત.

ઠરાવ : આ અંગે કરેલ કામગીરીને બહાલી આપવામાં આવી.

૭૮. ૧૬– મહાનુભાવોના સૂચનો.

૭૮.૧૬.૦૧ ૭૮.૦૪ અને ૭૮.૦૫ માં લેવાયેલ નિર્ણય અનુસાર ભરતી પ્રક્રિયામાં કોઈ અડચણ ઊભી ન થાય તે હેતુથી યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ જાહેરાત અંતર્ગત જે ઈન્ટરવ્યુ કરવાના થાય છે તે જાહેરાતની હાઈકોર્ટમાં કેવીયેટ કરવી જેથી કોઈ પણ ઉમેદવાર કોર્ટમાં જઈ સ્ટે ન લાવી શકે અને કોર્ટમાં અરજી કરે તો યુનિવર્સિટીને સાંભળી કોર્ટ નિર્ણય કરે તેમ પ્રિ.પંકજભાઈ ત્રિવેદી દ્વારા સૂચન કરવામાં આવ્યું. જેને સૌ મહાનુભાવોએ અનુમોદન આપ્યું હતુ અને આ અંગે વકીલની સલાહ લઈ હાઈકોર્ટમાં કેવીયેટ કરવાનો ઠરાવ કરવામાં આવ્યો.

૭૮.૧૬.૦૨ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીને, પદાધિકારીશ્રીઓને, સરકારના પદાધિકારીશ્રીઓને અને સંસ્કૃત ભારતીને બદનામ કરવા માટે કેટલાક લોકો નામી-બેનામી હકીકતથી દૂર એવી અરજીઓ કરે છે તેવું ભૂતકાળમાં ધ્યાન પર આવેલ છે ત્યારે હવે યુનિવર્સિટી NAAC – A+ મેળવી ગૌરવ ધરાવતી યુનિવર્સિટીને આવી રીતે બેનામી કે ખોટા નામ સરનામાં કે અન્યના નામથી અરજી કરી યુનિવર્સિટીની કે કોઈ અધિકારીની પ્રતિષ્ઠાને હાની પહોંચાડવાનો પ્રયત્ન કરે ત્યારે આવા લોકોને શોધીને તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ તેમ શ્રી જીતેન્દ્ર બ્રહ્મભટ્ટજીએ સૂચન કર્યુ હતુ જેને સર્વાનુમતે માન્ય રાખવામાં આવ્યું હતું અને હવે આવી કોઈ બાબત ધ્યાન પર આવે તો વકીલની સલાહ લઈ જરૂરી કાયદેરસની કાર્યવાહી કરવી તેમજ યુનિવર્સિટીમાંથી કોઈ આવું કૃત્ય કરે તો તેની સામે શિક્ષાત્મક પગલા ભરવા ઠરાવવામાં આવ્યું.

૭૮.૧૬.03 શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીને NAAC માં A+ મળેલ છે ત્યારે યુનિવર્સિટી પરિસર સંસ્કૃતમય બને તે હેતુથી શૈક્ષણિક કાર્ય સંસ્કૃત માધ્યમથી જ થાય અને વહીવટી

અધિકારી/કર્મચારીઓ માટે સંસ્કૃત સંભાષણ વર્ગની વ્યવસ્થા ગોઠવી તેઓ સંભાષણ માટે સજ્જ થાય તે માટેનું સૂચન શ્રી જયશંકરભાઈ રાવલ તરફથી થયેલ હતું જેને સૌ મહાનુભાવોએ અનુમોદન આપેલ અને તે મુજબ આગળની કામગીરી થાય તેમ ઠરાવવામાં આવ્યું હતું.

૭૮.૧૬.૦૪ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધે તે માટે અન્ય યુનિવર્સિટીઓની કૉલેજ ખાતે ગુજરાતમાં T.Y.B.A સંસ્કૃત વિષય સાથે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ૦૫ દિવસીય ભાષા સજ્જતા શિબિરનું આયોજન કરવામાં આવે તેવું સૂચન શ્રી જીતેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા કરવામાં આવેલ જેનું અનુમોદન સૌ મહાનુભાવોએ આપેલ અને સદર શિબિરનું આયોજન યોગ્ય સમયે કરવા ઠરાવવામાં આવ્યું.

૭૮.૧૬.૦૫ યુનિવર્સિટીના એકઝીક્યુટીવ કાઉન્સીલ તથા એકેડેમીક કાઉન્સીલના મહાનુભાવોને યુનિવર્સિટી દ્વારા આઈ-કાર્ડ આપવા અંગે શ્રી જીતેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ રજૂઆત કરી હતી ત્યારે સૌ મહાનુભાવો દ્વારા આગામી બેઠકમાં અન્ય યુનિવર્સિટીઓની માહિતી મેળવી વિચારણા – નિર્ણય કરવા ઠરાવવામાં આવ્યું.

૭૮. ૧૭ – અધ્યક્ષ સ્થાને રજૂ થાય તે........

૭૮.૧૭.૧ અધ્યક્ષશ્રી,અનુસ્નાતક ભવન તથા આચાર્યશ્રી, યુનિવર્સિટી સંચાલિત સંસ્કૃત કોલેજના .૦૮-૧૦-૨૦૨૧ના પ્રાપ્ત થયેલ સંયુક્ત પત્ર મુજબ : યુનિવર્સિટીના બોયઝ હોસ્ટેલ સમિતિના અધ્યક્ષ તરીકે રોટેશન પદ્ધતિથી અનુસ્નાતક વિભાગના પ્રોફેસરશ્રીઓ,એસોસિએટ પ્રોફેસરશ્રીઓ,કોલેજના પ્રિન્સીપાલશ્રી, અનુસ્નાતક ભવન અને યુનિવર્સિટી સંચાલિત કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસરશ્રીઓને બોયઝ હોસ્ટેલ સમિતિના અધ્યક્ષ તરીકેની કામગીરી ફાળવવા બાબત.

ઠરાવ : આ અંગે હાલ જે પધ્ધતિ ચાલે છે તે પધ્ધતિ ચાલુ રાખવી તેમજ આ અંગે નવનિયુક્ત કુલપતિશ્રી સૌ સાથે બેઠક કરી યોગ્ય વિચારણા કરી એક્ઝીક્યુટીવ કાઉન્સીલ સમક્ષ પ્રસ્તાવ રજુ કરે તેમ ઠરાવવામાં આવ્યું.

૭૮.૧૭.૨ ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટી વિભાગના તા-૦૬-૧૧-૨૦૧૫ના ઠરાવથી વર્ગ-૩ અને વર્ગ-૪ સંવર્ગની ભરતી પ્રક્રિયા બાબતેના ઈન્ટરવ્યુની જોગવાઈ રદ્દ થયેલ હોઈ, કચેરી અધિક્ષકની જગ્યા માટે ફક્ત સ્પર્ધાત્મક પરીક્ષા મારફત મેળવેલ ગુણના આધારે પસંદગી કરવા બાબત.

ઠરાવ : - સરકારશ્રીના તા. ૩૦/૦૪/૨૦૧૩નાં ઠરાવથી મંજૂર થયેલ તથા તા.૨૬/૦૮/૨૦૨૧ થી યુનિવર્સિટીમાં ખાલી પડેલ કચેરી અધિક્ષકની જગ્યા વર્ગ-૩ ની હોઈ અગાઉના નિયમોમાં જે ઈન્ટરવ્યુ લેવાની પધ્ધતિ હતી તેમાં ફેરફાર કરી નીચે મુજબની પધ્ધતિએ પસંદગી કરવાનું ઠરાવવામાં આવ્યું જેમાં -

<u>પરીક્ષા પધ્ધતિ</u> :

<u>(વિભાગ – અ)</u>

(અ) <u>હેતુલક્ષી પ્રશ્નોવાળું પ્રશ્ન પત્ર – ૧</u>

<u>કુલ પ્રશ્નો – ૧૦૦</u>　　<u>કુલ ગુણ – ૧૦૦</u>　　<u>સમય – ૧ કલાક</u>

(બ) આ પ્રશ્નપત્રમાં (૧) ગુજરાતી (૨) અંગ્રેજી (૩) સામાન્ય વિજ્ઞાન (૪) ભારતનું બંધારણ (૫) તાજેતરના મહત્વના રાષ્ટ્રીય મુદ્દા (૬) ગુજરાતની ભૌગોલિક બાબતો તથા કુદરતી સંપત્તિ (૭) ગુજરાતની ખેતી અને ઉદ્યોગો (૮) ગુજરાતનો સાંસ્કૃતિક વારસો, સાહિત્ય, કલા, ધર્મ (૯) સામાન્ય બૌદ્ધિક કસોટી (૧૦) ખેલ જગત (૧૧) ગુજરાતની રાજનીતિ અને અર્થ વ્યવસ્થા (૧૨) પંચાયતી રાજ (૧૩) મહાગુજરાત આંદોલન – સ્થાપના અને ત્યારબાદની મહત્વની ઘટનાઓ (૧૪) વિવિધ ક્ષેત્રે દેશમાં મહિલાઓનો ફાળો (૧૫) કમ્પ્યુટર (૧૬) યુનિવર્સિટી/ઉચ્ચ શિક્ષણ વહીવટ જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવેલ છે.

હેતુલક્ષી કસોટી (વિભાગ-અ) માં લઘુત્તમ ૪૦ ગુણ મેળવનાર ઉમેદવારોને મેળવેલ ગુણના મેરીટના ધોરણે પ્રથમ ૧૫ ઉમેદવારોને નીચેની વિગતે ૫૦ ગુણની કોમ્પ્યુટર સ્કીલ ટેસ્ટ આપવાની રહેશે.

<u>(વિભાગ – બ)</u>

<u>કોમ્પ્યુટર સ્કીલ ટેસ્ટ – ૫૦ ગુણ, ૦૧ કલાક</u>

- ગુજરાતી ટાઈપ – ૦૫ માર્કસ (ફોન્ટ : **Unicode/ LMG-Arun)**
- સંસ્કૃત ટાઈપ – ૦૫ માર્કસ (ફોન્ટ : **Unicode/ Menka)**
- અંગ્રેજી ટાઈપ – ૦૫ માર્કસ (ફોન્ટ : **Arial)**
- હિન્દી ટાઈપ - ૦૫ માર્કસ (ફોન્ટ : **Unicode/ Menka )**
- **M.S. word – 10 Marks**
- **M.S. Excel – 10 Marks**
- **POWER Point – 10 Marks**

ઉપરોક્ત કુલ ૧૫૦ ગુણમાં જે સૌથી વધુ ગુણ મેળવે તેની મેરીટના આધારે (લેખિત પરીક્ષા તેમજ કમ્પ્યુટર સ્કીલ ટેસ્ટમાં મેળવેલ ગુણના આધારે મેરીટ બનાવી આખરી પસંદગી યાદી તેમજ પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે અને ઉમેદવારની પસંદગી કરવામાં આવશે.)પસંદગી કરવી તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું હતું.

બેઠકને અંતે કુલસચિવ દ્વારા સર્વે મહાનુભાવોનો આભાર માનવામાં આવ્યો હતો તથા બેઠકને પૂર્ણ જાહેર કરવામાં આવી હતી.

(ડૉ.દશરથ જાદવ)
કુલસચિવ